# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-03-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

*********************************************************

1) લોકસભામાં 35 સુધારાઓ સાથે નાણા બિલ 2025 પસારઃ સંસદમાં આપત્તિ વ્યવસ્થાપન સુધારા ખરડો 2024 પસાર

2) મ્યાનમારમાં વણસી રહેલી સ્થિતિની વિદેશ મંત્રી એસ જયશંકર અને સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવના વિશેષ દૂત જુલી બિશપે ચર્ચા કરી.

3) બેઇજીંગમાં યોજાયેલી બેઠકમાં ભારત-ચીને સરહદી વિસ્તારોમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પરની પરિસ્થિતિની વ્યાપક સમીક્ષા કરી.

4) ઉત્તરાખંડ પછી ગુજરાત યુનિફોર્મ સિવિલ કોડ, યુસીસી લાગુ કરનાર દેશનું બીજું રાજ્ય બનશે.

5) સરકારે ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમ આજથી બંધ કરવાનો નિર્ણય કર્યો.

6) ગુજરાતના અમદાવાદમાં રમાયેલી IPL ટી-20 ક્રિકેટ મેચમાં પંજાબ કિંગ્સે ગુજરાત ટાઇટન્સને 11 રનથી હરાવ્યું.

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# LOKSABHA

લોકસભામાં ગઈ કાલે સરકાર દ્વારા 35 સુધારાઓ સાથેનો નાણા ખરડો, 2025 પસાર કરવામાં આવ્યો હતો. ટેરિફનું સરળીકરણ અને સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા આ સુધારો કરવામાં આવ્યો છે. ખરડામાં નાણાકીય વર્ષ 2025-26 માટે કેન્દ્ર સરકારની નાણા દરખાસ્તોને અમલ કરવાની જોગવાઈ છે.

દરમિયાન, સંસદે આપત્તિ વ્યવસ્થાપન (સુધારા) બિલ 2024 પસાર કર્યું છે. રાજ્યસભાએ ગઈકાલે તેને મંજૂરી આપી છે. લોકસભાએ ગયા વર્ષે ડિસેમ્બરમાં તેને પસાર કર્યું હતું. તેનો ઉદ્દેશ્ય સમગ્ર દેશમાં આપત્તિ તૈયારી, પ્રતિભાવ અને પુનઃપ્રાપ્તિને વધારવાનો છે. આ બિલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, 2005 માં સુધારો કરે છે અને રાષ્ટ્રીય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના કાર્યક્ષમ કાર્યને મજબૂત બનાવવાનો હેતુ ધરાવે છે. બિલ પરની ચર્ચાનો જવાબ આપતા, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, આપત્તિઓનું કદ અને પ્રમાણ બદલાયું છે અને તે મુજબ પ્રતિભાવો બદલાવા જોઈએ.

# JAISHANKAR- JULIE BISHOP

વિદેશ મંત્રી ડો. એસ. જયશંકર અને સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવના વિશેષ દૂત જુલી બિશપે ગઈકાલે નવી દિલ્હીમાં મ્યાનમારમાં ઝડપથી વણસી રહેલી પરિસ્થિતિ પર વાતચીત કરી હતી. બિશપ હાલમાં ભારતની મુલાકાતે છે. ગયા વર્ષે એપ્રિલમાં સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે બિશપને મ્યાનમારમાં તેમના વિશેષ દૂત તરીકે નિયુક્ત કર્યા હતા.

પહેલી ફેબ્રુઆરી, 2021 ના રોજ સૈન્યએ બળવામાં સત્તા કબજે કરી ત્યારથી મ્યાનમારમાં લોકશાહીની પુનઃસ્થાપનાની માંગ સાથે વ્યાપક હિંસક વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે.

પ્રતિકારક દળોએ ભારત, ચીન અને બાંગ્લાદેશની સરહદો પરના ઘણા મુખ્ય વેપારી સ્થળો પર પહેલેથી જ કબજો કરી લીધો છે. મ્યાનમાર ભારતના વ્યૂહાત્મક પડોશીઓમાંથી એક છે, અને તે આતંકવાદથી પ્રભાવિત નાગાલેન્ડ અને મણિપુર સહિત સંખ્યાબંધ પૂર્વોત્તર રાજ્યો સાથે 1,640 કિલોમીટર લાંબી સરહદ ધરાવે છે.

# INDO-CHINA WMCC MEET

ભારત-ચીન સરહદ અંગે પરામર્શ અને સંકલન માટે કાર્યકારી તંત્ર WMCC ની 33મી બેઠક ગઈકાલે ચીનના બેઇજિંગમાં યોજાઈ હતી.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, આ બેઠકમાં ભારત-ચીન સરહદી વિસ્તારોમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પરની પરિસ્થિતિની વ્યાપક સમીક્ષા કરવામાં આવી હતી.

મંત્રાલયે જણાવ્યું કે, બંને પક્ષો આ માટે સંબંધિત રાજદ્વારી અને લશ્કરી તંત્રને જાળવવા અને મજબૂત કરવા પણ સંમત થયા હતા. તેમણે સરહદ પારની નદીઓ અને કૈલાશ-માનસરોવર યાત્રા સહિત સરહદ પારના સહકાર અને આદાનપ્રદાનને વહેલી તકે ફરી શરૂ કરવા પર પણ ચર્ચા કરી હતી. બંને પક્ષો આ વર્ષના અંતમાં ભારતમાં યોજાનારી વિશેષ પ્રતિનિધિઓની આગામી બેઠક માટે સહિયારા પ્રયાસો આદરશે.

# WAVES AKSHAY KUMAR

હિન્દી સિનેમાના અભિનેતા અક્ષય કુમારે વિશ્વ દ્રશ્ય શ્રાવ્ય અને મનોરંજન શિખર સંમેલન- વેવ્ઝ 2025 માટે શુભેચ્છાઓ પાઠવી છે.

આ સંમેલન મુંબઈમાં પહેલી મે-થી ચાર મે સુધી યોજાશે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી કુમારે કહ્યું, આ સંમેલન વિશ્વભરના સર્જકોને એક વ્યાપક મંચ પૂરું પાડશે, જેમાં વૈશ્વિક મનોરંજનના ભવિષ્યને બદલવાની ક્ષમતા છે.

(બાઈટઃ અક્ષય કુમાર, અભિનેતા)

# ILO - SOCIAL SECURITY

ભારતના સામાજિક સુરક્ષા કવરેજમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન, ILO અનુસાર ભારતનું સામાજિક સુરક્ષાનું કવરેજ 2021માં 24.4 ટકાથી વધીને 2024માં 48.8 ટકા થઈ ગયું છે.

આઇ. એલ. ઓ. ના વિશ્વ સામાજિક સુરક્ષા અહેવાલનો હવાલો આપતા, કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખ માંડવિયાએ સમગ્ર કાર્યબળમાં સામાજિક સુરક્ષા લાભોમાં વધારો આ સફળતાને આભારી હોવાનું પણ કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું. લોકોમાં રોકાણ વિષય પર બજેટ પછીના વેબિનારમાં બોલતા ડો. માંડવિયાએ ભારતના યુવાનોને કૌશલ્ય અને સશક્ત બનાવવા માટે સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. શ્રી માંડવિયાએ ઉમેર્યું કે, 2014 અને 2024 વચ્ચે 17.1 કરોડ નોકરીઓનું સર્જન થયું હતું, જેમાં માત્ર પાછલા વર્ષમાં 4.6 કરોડ નોકરીઓનું સર્જન થયું હતું.

**તેમણે જણાવ્યું કે, બેરોજગારીનો દર 2017-18 માં 6 ટકાથી ઘટીને 2023-24 માં 3.2 ટકા થયો છે, જ્યારે મહિલા કાર્યબળની ભાગીદારીમાં નોંધપાત્ર વધારો થયો છે. શ્રી માંડવિયાએ આ સિદ્ધિઓને આર્થિક વિકાસ અને સામાજિક સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે સરકારની પ્રગતિશીલ નીતિઓને આભારી ગણાવી હતી.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# GUJ UCC

**ઉત્તરાખંડ પછી ગુજરાત સમાન નાગરિક સંહિતા UCC લાગુ કરનાર દેશનું બીજું રાજ્ય બનશે. રાજ્ય વિધાનસભાને સંબોધતા રાજ્યના કાયદા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, આ રાજ્યના તમામ લોકો માટે સમાન ન્યાય સુનિશ્ચિત કરવા અને એક ભારત શ્રેષ્ઠ ભારતની વિભાવનાને સાકાર કરવાની દિશામાં એક પગલું છે.**

**(V/C-APARNA KHUNT)**

# GMS DISCONTINUED

ગોલ્ડ મોનેટાઇઝેશન સ્કીમના મધ્યમ અને લાંબા ગાળાની સરકારી ડિપોઝિટ આજથી બંધ કરવામાં આવશે. નાણાં મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, ગોલ્ડ મોનેટાઇઝેશન યોજનાની કામગીરી અને બજારની બદલાતી પરિસ્થિતિઓની તપાસ બાદ આ યોજનાને બંધ કરવાનો નિર્ણય લેવાયો છે.

મંત્રાલયે ઉમેર્યું કે, નિયુક્ત સંગ્રહ અને શુદ્ધતા પરીક્ષણ કેન્દ્રો, જી. એમ. એસ. મોબિલાઇઝેશન, સંગ્રહ અને પરીક્ષણ એજન્ટ અથવા જી. એમ. એસ. ના ઘટકો હેઠળ નિયુક્ત બેંક શાખાઓમાં ટેન્ડર કરાયેલ કોઈપણ સોનાની થાપણો આજથી સ્વીકારવામાં આવશે નહીં. જોકે, એમ. એલ. ટી. જી. ડી. હેઠળની હાલની થાપણો જી. એમ. એસ. ની હાલની માર્ગદર્શિકા અનુસાર મુક્તિ સુધી ચાલુ રહેશે.

# AIIMS - INDIGENOUS MRI

ભારતે તેનું પ્રથમ સ્વદેશી મેગ્નેટિક રેઝોનન્સ ઇમેજિંગ, MRI મશીન વિકસાવ્યું છે, આ નવું મશીન પરીક્ષણો માટે ઓક્ટોબર સુધીમાં ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ (એઇમ્સ), નવી દિલ્હીમાં સ્થાપિત થશે.

સ્વદેશી એમઆરઆઈ મશીન ભારતને તબીબી ટેકનોલોજીમાં વધુ આત્મનિર્ભર બનાવવામાં મદદ કરશે. પત્રકારો સાથે વાત કરતા એઈમ્સ નવી દિલ્હીના નિદેશક એમ શ્રીનિવાસે કહ્યું, આ પહેલ વિવિધ કંપનીઓ અને સંસ્થાઓને જરૂરી ફેરફારો કરવામાં મદદ કરશે અને એ સુનિશ્ચિત કરશે કે, દેશ પાસે વિશ્વનું શ્રેષ્ઠ ઉપકરણ છે.

# IPL CRICKET

આઈપીએલ ટી-20 ક્રિકેટમાં પંજાબ કિંગ્સે ગઈકાલે રાત્રે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સને 11 રનથી હરાવ્યું હતું.

પંજાબ કિંગ્સ દ્વારા નિર્ધારિત 244 રનના લક્ષ્યનો પીછો કરતા ગુજરાત ટાઇટન્સે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 232 રન બનાવ્યા હતા. ગુજરાત ટાઇટન્સ તરફથી સાઈ સુદર્શને 74 રન બનાવ્યા હતા, જ્યારે જોસ બટલરે 54 અને શેરફેન રધરફોર્ડે 46 રન બનાવ્યા હતા. પંજાબ કિંગ્સ તરફથી અર્શદીપ સિંહે બે વિકેટ ઝડપી હતી, જ્યારે માર્કો જેનસેન અને ગ્લેન મેક્સવેલે એક-એક વિકેટ ઝડપી હતી. અગાઉ બેટિંગ કરવા ઉતરેલી પંજાબ કિંગ્સે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને 243 રન બનાવ્યા હતા. ગુજરાત ટાઇટન્સ તરફથી રવિશ્રી નિવાસન સાઈ કિશોરે ત્રણ જ્યારે કાગિસો રબાડા અને રાશિદ ખાને એક-એક વિકેટ ઝડપી હતી.

પંજાબ કિંગ્સ તરફથી શ્રેયસ અય્યરે અણનમ 97 રન બનાવ્યા હતા. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. પ્રિયાંશ આર્યએ 47 અને શશાંક સિંહે અણનમ 44 રન બનાવ્યા હતા. અગાઉ ગુજરાત ટાઇટન્સે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. આજે, રાજસ્થાન રોયલ્સ ગુવાહાટીના બરસપારા ક્રિકેટ સ્ટેડિયમમાં કોલકાતા નાઈટ રાઇડર્સ સામે ટકરાશે. મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

<u>અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ</u>

- આજના અખબારોમાં વિવિધ હેડલાઇન્સ જોવા મળે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં કાશ્મીરનો વિવાદિત મુદ્દો ઉઠાવનાર પાકિસ્તાનને ભારતનો જડબાતોડ જવાબ, દિશા સાલિયાણ કેસમાં આદિત્ય ઠાકરે સામે FIR , ટ્રમ્પ સાથે ટ્રેડવોર ટાળવા કવાયત બે લાખ કરોડની આયાત પર ટેરિફ ઘટાડશે જેવા સમાચારો મુખ્ય શીર્ષકમાં જોવાં મળે છે.
- દિવ્ય ભાસ્કરની હેડલાઇન છે,- ભારતની સાફ વાતઃ પાકિસ્તાને પીઓકે છોડવું પડશે, કાશ્મીર ભારતનું અંગ રહેશે
- નવગુજરાત સમય હેડ લાઇનમાં લખે છે જમ્મુ અને કશ્મીરના વિસ્તારો પર ગેરકાયદે કબજો પાકિસ્તાને ખાલી કરવો જ પડશે: ભારત
- ફાયનાન્સ બિલ, 2025 લોકસભામાં પાસ, હવે રાજ્યસભામાં મુકાશે, આ સમાચારને ફૂલછાબે પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.
- ગુજરાત સમાચારનું મથાળું છે, અમેરિકન પ્રમુખે દુશ્મન દેશોની સાથે મિત્રોને પણ મુશ્કેલીમાં મૂકી દીધા, બે લાખ કરોડની આયાત પર ટેરિફ ઘટાડાશે.
- સંદેશની હેડલાઇન છે, દિશા સાલિયાન કેસમાં આદિત્ય ઠાકરે સામે FIR
- રાજસ્થાન પત્રિકા મુખ્ય શિર્ષકમાં લખે છે- જજ વર્મા કે ઘર જાંચ દલ, ધનખડ ને કી લીડરોં સે ચર્ચા